ક્રમાંક/ક-૭/વિ.પ્ર/૨૦૧૯-૨૦/
જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ,વડોદરા
તા.૨૨/૦૫/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ ઉ. મા. (વિ. પ્ર.)
શાળાઓ તમામ,
જિલ્લો : વડોદરા

વિષય :- ઉ. મા. પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ – ૨૦૨૦ (વિ. પ્ર.) પરિણામના સાહિત્યનું વિતરણ બાબત

સંદર્ભ :- ગુ. મા. અને ઉ.મા શિ. બોર્ડ ગાંધીનગરના પ્રત્ર ક્રમાંક:મઉમશબ/ વિ.પ્ર./ માર્ચ-૨૦૨૦/૪૮૦૨ તા. ૨૧/૦૫/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે અત્રેના જિલ્લાની વિજ્ઞાન પ્રવાહ ની તમામ ઉ.મા. શાળાઓના વિદ્યાર્થીઓના ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૦ ના ગુણપ્રત્રક, પ્રમાણપ.ત્રક, SR, One / Two Subject Fail ઉમેદવારની યાદી તથા "Advisory not to be the Candidate Eligibility in Scholorship for Higher Education (SME) Companent Unter inspine Scheme " નું યોગ્યતા પ્રમાણપત્ર કાર્ડ તથા પરિપત્ર શાળાવાર નિયત કરેલા વિતરણ કેન્દ્રો પર તા. ૨૮/૦૫/૨૦૨૦ને ગુરુવારના રોજ ૧૧:૦૦ કલાકે મોકલવામાં ~~આવે~~ આવનાર છે. આમ ઉપરોક્ત તમામ સાહિત્ય નીચે મુજબના નિયત કરેલ વિતરણ કેન્દ્રો પરથી ચાલુ વર્ષે COVID-19 ની પરિસ્થિતીને ધ્યાને લઈ સંદર્ભ દર્શિત પત્રની માર્ગદર્શિકા/સૂચના ને ધ્યાને રાખીને વિતરણ કરવામાં આવનાર છે. દરેક વિતરણ કેન્દ્રો અને શાળાઓએ જરૂરી માસ્ક, સામાજિક અંતર અને સેનિટાઇઝની સુવિધા અને ઓછામાં ઓછી ભીડ થાય તે સૂનિશ્રીત કરવાનું રહેશે.

પરિણામ/ સાહિત્ય વિતરણની તારીખ અને સમય : તા. ૨૮/૦૫/૨૦૨૦ ને ગુરુવાર
૧૧ : ૦૦ કલાકે

જિલ્લાશિક્ષણાધિકારી
વડોદરા

બિડાણ: (૧) પરિણામ વિતરણ કેન્દ્રોની વિગત દર્શાવતુ પત્રક
(૨) સંદર્ભદર્શક પત્રની નકલ

# માર્ચ-૨૦૨૦ H.S.C.( વિ.પ્ર) પરિણામ /સાહિત્ય વિતરણ કેન્દ્રોની વિગત

| ક્રમ | SVS | વિતરણકેન્દ્રનું નામ /સરનામું | કચેરીના પ્રતિનિધિનું નામ /હોદ્દો | વિતરણ કેન્દ્ર પરના પ્રતિનિધિનું નામ/હોદ્દો |
|---|---|---|---|---|
| ૧ | ૧ | સાવલી હાઈસ્કૂલ,સાવલી તા.સાવલી જી.વડોદરા | પ્રિતીબેન સંઘવી શિ.નિ. | મુકેશભાઇ પટેલ આચાર્ય |
| ૨ | ૨ | શ્રી એમ એચ દયારામ હાઈસ્કૂલ ડભોઇ તા.ડભોઇ જિ. વડોદરા | એન વી રાજ્યગુરૂ મ.શિ.નિ. | અંકુરભાઈ પટેલ આચાર્ય |
| ૩ | ૩ | ડી ડી શારદા મંદિર ઈંગ્લીશ સ્કૂલ,પાદરા તા.પાદરા,જિ.વડોદરા | અવનીબેન બારોટ શિ.નિ | નવીનભાઈ ગૌસ્વામી આચાર્ય |
| ૪ | ૪ | સરદાર વલ્લભભાઈ વિદ્યાલય,આજવા રોડ વડોદરા | શિવાંગીબેન શાસ્ત્રી શિ.નિ | જીગ્નેશભાઈ પ્રજાપતિ આચાર્ય |
| ૫ | ૫ | એલેમ્બીક વિદ્યાલય, ગોરવા,વડોદરા | કુ.શ્વેતાબેન પારગી શિ.નિ | ભરતભાઇ પરમાર આચાર્ય |
| ૬ | ૬ | શ્રેયસ વિદ્યાલય (ગુ.મા) માંજલપુર,વડોદરા | વૈશાલીબેન ચૌધરી શિ.નિ | યોગેશભાઈ સિરસાઠ આચાર્ય |
| ૭ | ૭ | શ્રી કૃષ્ણ હિન્દી વિદ્યાલય કારેલીબાગ,વડોદરા | કે બી પરમાર શિ.નિ | યાદવેશભાઈ યાદવ આચાર્ય |

જિલ્લાશિક્ષણાધિકારી
વડોદરા

પરીક્ષા પરિણામ વિતરણ

ખૂબ જ અગત્યનું

ક્રમાંક:મઉમશબ/ક/વિ.પ્ર./માર્ચ-૨૦૨૦/૪૮૦૨

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેક્ટર-૧૦ બી, જુનાસચિવાલય પાસે, ગાંધીનગર.

તા.૨૧/૦૫/૨૦૨૦

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

તમામ.

વિષય - ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ ૨૦૨૦ (વિજ્ઞાન પ્રવાહ) પરિણામના સાહિત્યનું વિતરણ કરવા અંગે.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આપના જિલ્લાની વિજ્ઞાન પ્રવાહની શાળાઓના વિદ્યાર્થીઓના ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૦ના ગુણપત્રક, પ્રમાણપત્રક, S.R, One/Two subject fail ઉમેદવારોની યાદી તથા "Advisory Not to the Candidate Eligibility in Scholarship for Higher Education (SHE) Component Under Inspire Scheme" નુ યોગ્યતા પ્રમાણપત્રના કાર્ડ તથા પરિપત્ર શાળાવાર/તાલુકાવાર આપને મોકલવામાં આવે છે. તે સાહિત્યનું નીચેની સુચના અનુસાર શાળાઓને વિતરણ કરવા જણાવવામાં આવે છે.

પરિણામ વિતરણ માટે ચાલુ વર્ષે COVID-19ની પરિસ્થિતિ ધ્યાને લઈને જિલ્લાના વિતરણ કેન્દ્ર પરથી શાળાવાર વિતરણ કરવાનું નથી પરંતુ તાલુકાવાર કરવાનું છે. બોર્ડ દ્વારા તાલુકાવાર શાળાઓના પરિણામના પેકેટ બનાવેલા છે. તેમજ જિલ્લાવાર, તાલુકાવાર શાળાઓની યાદી પણ આ સાથે મોકલાવેલ છે. તે ધ્યાને લઈને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ તાલુકા દીઠ વિતરણ માટેનું સ્થળ નક્કી કરીને તાલુકા કક્ષાએ જરૂરી સાહિત્ય પહોંચાડીને વિતરણ વ્યવસ્થા જરૂરી માસ્ક, સામાજિક અંતર અને સેનેટાઈઝની સુવિધા તેમજ તાલુકાની શાળાઓની સંખ્યા ધ્યાને લઈને ઓછામાં ઓછી ભીડ થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. કોર્પોરેશન વિસ્તારમાં શાળાઓની સંખ્યા ધ્યાને લઈને S.V.S./ઝોનને ધ્યાને લઈને વિતરણ કેન્દ્ર ઉભા કરવાના રહેશે.

જિલ્લામાં તાલુકાવાર અને કોર્પોરેશન વિસ્તારમાં પાડેલ ભાગ મુજબ પરિણામ વિતરણ કરવા માટે આપની કક્ષાએથી તાલુકા કક્ષા અને કોર્પોરેશન વિસ્તારની શાળા (તાલુકા કક્ષાનું વિતરણ કેન્દ્ર) નક્કી કરી તે અંગેની જાણ તાલુકાની સબંધિત વિજ્ઞાન પ્રવાહની તમામ શાળાઓને કરવી.

નોંધ - પરિણામનું વિતરણ એક સાથે સમગ્ર રાજ્યમાં થાય તે માટે આપને પરિણામનું સાહિત્ય મોડામાં મોડું તા.૨૭/૦૫/૨૦૨૦ સુધીમાં જિલ્લાઓમાં અત્રેથી પહોંચાડવામાં આવશે. જેથી પરિણામનું વિતરણ તા.૨૮/૦૫/૨૦૨૦ને ગુરૂવારના રોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા તાલુકા/કોર્પોરેશન વિસ્તાર મુજબ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

[પાછળ.......

Scanned with CamScanner

1. સદર પરિણામના સાહિત્યને જે તે શાળાના અધિકારપત્ર સાથે ઉપસ્થિત પ્રતિનિધિને (આચાર્ય/કલાર્ક/શિક્ષક) તેમની પરિણામનું સાહિત્ય મળ્યા બદલની સહી લઈને જ સાહિત્ય આપવાનું રહેશે.
2. પરિણામ વિતરણ અંગે સ્થાનિક કક્ષાએ આ અંગે જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરી શાળાઓને જાણ કરવા નોંધ લેશો.
3. અત્રેથી મોકલવામાં આવેલ પરિણામનું સાહિત્ય સાથે તાલુકાવાર શાળાઓનું લીસ્ટ મોકલવામાં આવેલ છે તો પરિણામનું સાહિત્યનું વિતરણ સાંપ્રત પરિસ્થિતિમાં **EI, AEI** અને અન્ય સ્ટાફની મદદથી તાલુકા કક્ષાએ કરાવાય તેવી વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.
4. પરિણામના સાહીત્યનું વિતરણ કર્યા બદલ પરિણામનું સાહિત્ય મેળવનાર શાળાના પ્રતિનિધિશ્રી સહી ધરાવતું પત્રક અને સંલગ્ન અધિકાર પત્રની ફાઈલ બોર્ડની કચેરીને **R.P.A.D.** થી મોકલી આપવાની રહેશે.
5. ગુણ ચકાસણી/અવલોકન/OMR ની નકલ મેળવવા માટેની **ONLINE** અરજી કરવાની તા.૨૬/૫/૨૦૨૦ થી તા.૦૮/૦૬/૨૦૨૦ હોઈ પરિણામના સાહિત્યનું વિતરણ તાત્કાલિક કરવા કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.
6. સાંપ્રત **covid-19** કોરોના વાઇરસના સંક્રમણના કારણે સરકારશ્રી દ્વારા પ્રસિધ્ધ તમામ નિયમોનું પાલન થાય તે બાબત ધ્યાનમાં રાખીને પરિણામના સાહિત્યનું વિતરણ કરવાનું રહેશે.
7. સાંપ્રત પરિસ્થિતિમાં શાળાઓ દ્વારા પણ જે તે ઉમેદવારોને પરિણામ વિતરણ કરતી વખતે ઉમેદવારોને પણ એક સાથે શાળામાં બોલાવવા નહી અને સરકારશ્રી દ્વારા પ્રસિદ્ધ તમામ આદેશોનું પાલન (માસ્ક, સોશીયલ ડીસ્ટનસીંગ) થાય તે માટે તમામ શાળાઓને સુચના આપવા નોંધ લેશો.
8. શાળામાં પરિણામ દરમિયાન વિદ્યાર્થીઓને ભેગા કરીને સરઘસ, ગરબા કે D.J. જેવી કોઈ પ્રવૃતિ ન થાય તે ધ્યાને લેશો. સમાચાર માધ્યમો સાથે પણ વાર્તાલાપ વખતે સામાજીક અંતર, માસ્ક વગેરે ઉપયોગ કરે તે જોવાનું જણાવશો.
9. પરિણામ બાદ ગુણ ચકાસણી/અવલોકન/OMR ની ઝેરોક્ષ કોપી મેળવવા માટેની પ્રક્રિયા અંગે શાળાના આચાર્યો દ્વારા ઉમેદવારોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે તેવી સુચના આપવા જણાવવામાં આવે છે.
10. પરિણામ જમા કરાવવાના કેસોમાં પણ નિયત સમયમર્યાદામાં કાર્યવાહી થાય તે જોવા આચાર્યશ્રીઓને સૂચના આપવા વિનંતી છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

Scanned with CamScanner